# –: મીરાસે ફાતેમી :–

## અલ-અઝહર યુનિવર્સીટી

આલમે ઈસ્લામને સલતનતે ફાતેમીયાહ મેહદીયાહએ કીમતી અને બેમિસાલ વિરાસત બખ્શી છે. બકૌલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) "અલ ઈલ્મો વિરાસતુન કરીમતુન." ઈલ્મ એક ઈઝ્ઝતદાર વારસો છે. આ કૌલને મઝબૂતી બખ્શવા ૧૪માં ફાતેમી ઈમામ મૌલાના મોઈઝ (અ.સ.) ના ફરમાનથી આપના સિપેહસાલાર અલ ફાઝિલ અલ કાઈદુલ જૌહર સિકલીએ મિસિર ફતેહ કીધા બાદ કાહેરા શહેરની તાઅમીર કીધી. અને જે આજે ઈજીપ્તનું પાટનગર કેરોના નામથી મશ્હૂર છે, એમ તેમાં એક શાનદાર જામેઆ - **અલ જામેઉલ અઝહર** ની બિના કીધી. આ જામેઆમાં શરૂઆતમાં મસ્જિદ અને મદ્રસો હતા પણ વક્ત ગુઝરતા આ મદ્રસો એક દારૂલ ઈલ્મ અને યુનિવર્સીટીમાં તબ્દીલ થઈ. ૧૦૫૦ વરસ બાદ આજે પણ આ જામેઆ ઈલ્મો તાઅલીમની નશરો ઈશાઅતમાં આલમમાં મશ્હૂર છે અને આજ તક લાખો આલિમો આ જામેઆમાંથી ફારેગુત્તેહસીલ થયેલા છે. આ જામેઆની લાયબ્રેરીમાં ૧૮માં ફાતેમી ઈમામ મુસ્તન્સિર (અ.સ.) ના ઝમાનમાં લાખો કિતાબો હતા અને દુનિયાનાં તમામ મઝહબનાં કિતાબો અલગ-અલગ ઝબાનમાં હતા અને તેનાં તરજુમા કરવા વાસ્તે ખાસ વઝીફાદાર ઉસ્તાઝો અને તરજુમો કરનાર માહિરોને કામે લગાવવામાં આવા હતા. ખરેખર આ જામેઆ અઈમ્મતે ફાતેમીયીનની ઈલ્મી દુનિયા વાસ્તે અઝીમુશ્શાન કાબિલેદાદ દૈન છે. ★